# ધીમી રાહે બજારમાં સુધારાની હેટ-ટ્રિક, હેલ્થકેર અને ફાર્મામાં નવી ટૉપ જારી, આઇટી સિવાય લગભગ તમામ સેક્ટોરલ પ્લસ

ભારત બિજલી પદ્દર રૂપિયાની તેજીમાં નવા શિખરે, બૉમ્બે બર્મામાં બે આંકડાનો ઉછાળો : માઝગાવ ડૉક, કોચીન શિપયાર્ડ અને ગાર્ડન રિચ ઝમકમાં, બજાજ ટ્વિન્સમાં નરમાઈ : થાણેની નેટવર્ક પીપલ સર્વિસિસ વર્ષમાં ૯૮ રૂપિયા ઉપરથી ઊછળીને ૨૨૧૬ની વિક્રમી સપાટીએ : ઑર્ડર બુકમાં વધારો ચાલુ રહેતાં ભારત ઇલે.માં નવા શિખરની હારમાળા : નવા લિસ્ટેડ ૪ શૅરમાં મોતીસન્સ જ્વેલર્સ સિવાય સઘળે નિરાશા, આજે પાંચ નવાં લિસ્ટિંગ પર નજર : ઇન્ડિયન શેલ્ટરમાં નવું બૉટમ, એલઆઇસી ઘટીને બંધ

**માર્કેટ મૂડ**

અનિલ પટેલ



**સેન્સેક્સ** આગલા બંધથી નરમ, ૭૧,૦૯૮ ખૂલી મંગળવારે ૨૩૦ પૉઇન્ટની આગેકૂચમાં ૭૧,૩૩૭ તથા નિફ્ટી ૯૨ પૉઇન્ટ વધીને ૨૧,૪૪૧ બંધ રહ્યો છે. પ્રારંભિક પીછેહઠમાં શૅર આંક નીચામાં ૭૧,૦૧૨ થયા પછી શાર્પ બાઉન્સબૅકમાં ૭૧,૪૭૧ની ઇન્ટ્રા-ડે ટોચે ગયો હતો. દિવસનો મોટો ભાગ પૉઝિટિવ ઝોનમાં રહેલા બજારનાં લગભગ તમામ ઇન્ડાઇસિસ વધીને બંધ થયાં છે. હેલ્થકૅર ઇન્ડેક્સ અને નિફ્ટી ફાર્મા નવા શિખરની આગેકૂચ સાથે એક-એક ટકાથી વધુ પ્લસમાં હતા. ઑઇલ-ગૅસ, એનર્જી, પાવર, યુટિલિટીઝ બેન્ચમાર્ક સવાથી દોઢ ટકો મજબૂત હતા. મેટલ તેમ જ ઑટો ઇન્ડેક્સ એકાદ ટકા નજીક સુધર્યા હતા. કૅપિટલ ગુડ્સ પોણા ટકાથી વધુ તો એફએમસીજી આંક પોણા ટકા નજીક અપ હતો. આઇટી ઇન્ડેક્સ અડધો ટકો કટ થયો છે. નિફ્ટી મીડિયા અને પીએસયુ બૅન્ક નહીંવત ઢીલા હતા. રોકડું અને બ્રૉડર માર્કેટ અડધા-પોણા ટકાની રેન્જમાં વધ્યું છે. પ્રમાણમાં સ્ટ્રૉન્ગ માર્કેટ બ્રેડ્થમાં એનએસઈ ખાતે વધેલા ૧૨૮૦ શૅરની સામે ૮૮૯ કાઉન્ટર ઘટ્યાં છે.

એશિયા ખાતે હૉન્ગકૉન્ગ અને ઇન્ડોનેશિયા રજામાં હતાં. ચાઇના પોણા ટકા નજીક અને સિંગાપોર નામજોગ નરમ હતું. જ્યારે તાઇવાન પોણો ટકો, થાઇલૅન્ડ સાધારણ, સાઉથ કોરિયા અને જપાન નજીવા પ્લસ હતા. યુરોપ નાતાલની રજામાં છે. પાકિસ્તાની શૅરબજાર ૬૧,૭૦૫ના આગલા બંધ સામે ગઈ કાલે એક વધુ ધબડકામાં ૫૯,૦૨૭ની અંદર જઈ ૪.૧ ટકા કે ૨૫૫૦ પૉઇન્ટ તૂટી ૫૯,૧૫૪ દેખાયું છે. બ્રેન્ટ ક્રૂડ ૭૯ ડૉલર અને નાયમેક્સ ક્રૂડ ૭૩.૫૦ ડૉલરની ઉપર ટકેલા હતા. હાજર ગોલ્ડ અડધા ટકાના સુધારામાં ૨૦૬૩ અને કોમેક્સ ગોલ્ડ ૨૦૭૪ ઉપર ચાલતું હતું. ઇન્ડસ્ટ્રિયલ મેટલ વાયદામાં ઍલ્યુમિનિયમ સાડાત્રણ ટકા તથા ઝિન્ક અઢી ટકા મજબૂત હતા. વિશ્વબજારમાં આયર્ન ઓર ૧૪૦ ડૉલરને વટાવી ગઈ છે, જે જૂન ૨૦૨૨ પછીની ટૉપ છે.

એફએમસીજીમાં હેરિટેજ ફૂડ્સ ૩૦૬ના શિખરે જઈને ૧૨ ટકા ઊછળી ૩૦૩ થઈ છે. એન્ડ્યુરેલ સાડાઆઠ ટકા વધીને ૩૮ નજીક સરકી છે. કેન્દ્ર સરકારની હિન્દુસ્તાન ઑર્ગેનિક્સ ૪૩ની ઉપર નવી ટૉપ બનાવી ૧૭.૧ ટકાની તેજીમાં ૪૩ નજીક બંધ થઈ છે. વૉલ્યુમ નવ ગણું હતું. હેલ્થકેરમાં થેમિસ મેડીકૅર ૧૨ ગણા કામકાજમાં ૨૦ ટકાની તેજીની સર્કિટમાં ૨૧૯ નજીક નવા બેસ્ટ લેવલે ગઈ છે. સિન્ડ્રોમ ફોર્મ્યુલેશન્સ પણ ૨૦ ટકાના ઉછાળે ૧૪ની ઉપર નવી ઊંચી સપાટીએ બંધ હતી. એનર્જીમાં કેસ્ટ્રોલનો દબદબો હતો. હિન્દુ. ઍરોનૉટિક્સ ૪.૪ ટકા કે ૧૧૯ રૂપિયાની મજબૂતીમાં ૨૮૨૨ રહી હતી. હિન્દુ. પેટ્રોલિયમ ચાર ટકા તથા ઇન્ડિયા ઑઇલ સાડાત્રણ ટકા ફ્લેર-અપ થયા છે. તાજેતરમાં લિસ્ટેડ ઇન્ડિયા શેલ્ટર ૫૨૫ના તળિયે જઈ પોણાચાર ટકા ગગડી ૫૨૯ બંધ આવી છે.

## નિફ્ટી ખાતે ડિવીઝ લૅબ ઝળક્યો, હીરો મોટોકૉર્પ નવા બેસ્ટ લેવલે

સેન્સેક્સના ૩૦માંથી ૨૪ અને નિફ્ટીના ૫૦માંથી ૪૧ કાઉન્ટર્સ ગઈ કાલે પ્લસ હતાં. એનટીપીસી અઢી ટકા નજીક, મહિન્દ્ર ૧.૭ ટકા, વિપ્રો ૧.૬ ટકા, કોટક બૅન્ક ૧.૪ ટકા, તાતા સ્ટીલ અને એશિયન પેઇન્ટ્સ સવા ટકો, ભારતી ઍરટેલ ૧.૨ ટકા, ટાઇટન એક ટકો સેન્સેક્સ ખાતે અપ હતા. નિફ્ટી ખાતે ડિવીઝ લૅબ સાડાચાર ટકા કે ૧૬૮ના ઉછાળે ૪૯૬૩ બંધ આપી મોખરે હતો. હીરો મોટોકૉર્પ ૪૦૭૯ની ઑલટાઇમ હાઈ બતાવી ૩.૪ ટકા કે ૧૪૩ની તેજીમાં ૪૦૬૭ વટાવી ગયો છે. અદાણી એન્ટર બે ટકા, ઓએનજીસી ૧.૭ ટકા, અપોલો હૉસ્પિટલ્સ ૧.૭ ટકા, હિન્દાલ્કો ૧.૬ ટકા, તાતા કન્ઝ્યુમર દોઢ ટકો, બજાજ ઑટો દોઢ ટકો, બ્રિટાનિયા ૧.૪ ટકા, ગ્રાસીમ અને ભારત પેટ્રોલિયમ ૧.૧ ટકા વધ્યા હતા.

રિલાયન્સ અડધા ટકાના સુધારામાં ૨૫૭૭ થયો છે. અદાણી ગ્રુપ ખાતે અન્ય શૅરમાં અદાણી એનર્જી સવા ટકો, અદાણી ગ્રીન સવાચાર ટકા, એસીસી ૧.૪ ટકા પ્લસ હતા. સાંઘી ઇન્ડ. ત્રણેક ટકા, અદાણી વિલ્મર અને અદાણી ટોટલ અડધા ટકાની આસપાસ તો એનડીટીવી નહીંવત નરમ હતા.

રોકડામાં ઇન્ટરનૅશનલ કોમ્બ્યુઝન, બ્રેડી ઍન્ડ મોરિસ એન્જિનિયરિંગ, ગેલન્ટ ઇસ્પાત, બ્રુક્સ લૅબોરેટરીઝ ૨૦-૨૦ ટકાની તેજીની સર્કિટમાં નવા શિખરે બંધ હતા. સીએલએસએના બુલિશ વ્યુમાં ૨૦ ટકાની તેજીમાં જેકુમાર ઇન્ફ્રા ઑલટાઇમ હાઈ થઈ ‘એ’ ગ્રુપ ખાતે બેસ્ટ ગેઇનર બન્યો છે. ભારત બિજલી ૫૬૬ રૂપિયા કે ૧૪ ટકા ઊછળી ૪૬૩૦, એમએસટીસી ૧૩.૫ ટકાની તેજીમાં ૬૪૪, કેસ્ટ્રોલ ઇન્ડિયા ૧૨ ટકાની છલાંગમાં ૧૮૨, એનએલસી ઇન્ડિયા ૧૧.૯ ટકા ઊંચકાઈ ૨૫૧ નજીકની નવી વિક્રમી સપાટીએ બંધ થયા છે. આલ્કલી એમાઇન્સ ૧૧.૪ ટકા કે ૨૬૨ના ઉછાળે ૨૫૬૭ વટાવી ગયો છે. બૉમ્બે બર્મા સાડાદસ ટકા કે ૧૩૮ રૂપિયાની મજબૂતીમાં ૧૪૬૮ હતો. એસ્ટ્રા ઝેનેકા ૫૭૪૦ની નવી ટૉપ હાંસલ કરીને પોણાપાંચ ટકા કે ૨૬૧ની આગેકૂચમાં ૫૬૦૭ થયો છે.

## વિપ્રો નવા શિખરે, સાસ્કેન તેજીમાં, આરબીએલ બૅન્કને રિઝર્વ બૅન્ક નડી

બૅન્ક નિફ્ટી ૧૨માંથી ૧૧ શૅરના સુધારા વચ્ચે માંડ અડધો ટકો કે ૨૩૩ પૉઇન્ટ જ વધી શક્યો છે. જ્યારે પીએસયુ બૅન્ક નિફ્ટી ૧૨માંથી ૭ શૅરની પીછેહઠમાં નહીંવત ઘટ્યો છે. બૅન્કિંગના ૩૯માંથી ૧૮ શૅર પ્લસ હતા. પંજાબ સિંધ બૅન્ક, કોટક બૅન્ક, સિટી યુનિયન બૅન્ક અને ઉત્કર્ષ બૅન્ક એકથી દોઢ ટકો વધ્યા હતા. સામે ઉજ્જીવન બૅન્ક, કરૂર વૈશ્ય બૅન્ક, જેકે બૅન્ક, સાઉથ ઇન્ડિયન બૅન્ક, બૅન્ક ઑફ ઇન્ડિયા એકથી લગભગ સવાબે ટકા કટ થયા હતા. આરબીએલ બૅન્ક સાથેના ટાઇ અપ્સમાં બજાજ ફાઇનૅન્સના કો-બ્રૅન્ડેડ ક્રેડિટ કાર્ડ્સને રિઝર્વ બૅન્કે માત્ર એક જ વર્ષનું એક્સ્ટેન્શન આપતાં આરબીએલ બૅન્ક બમણા કામકાજે ૪.૪ ટકા ગગડી ૨૬૧ની અંદર તો બજાજ ફાઇનૅન્સ પોણાબે ટકા ખરડાઈ ૭૧૬૩ બંધ હતી. બજાજ ફીનસર્વ પણ દોઢ ટકા નજીક નરમ રહી છે. ફાઇનૅન્સ ઇન્ડેક્સ ૧૪૧માંથી ૮૦ શૅરના ઘટાડા વચ્ચે સામાન્ય સુધરીને બંધ રહ્યો છે. ફાઇવ પૈસા કૅપિટલ ૫૫૧ની ટોચે જઈ આઠ ટકા ઊછળી ૫૪૩, આઇઆઇએફએલ સિક્યૉ ૧૪૯ના શિખર બાદ સાત ટકાના જમ્પમાં ૧૪૭ અને ઉત્તમ ઇન્વે. પાંચ ટકાની ઉપલી સર્કિટે ૮૬૫ બંધ હતી.

## સીએલએસએના અગ્રેસિવ બુલિશ વ્યુમાં જે. કુમાર ઇન્ફ્રા ૨૦ ટકાની તેજીમાં

મુંબઈ મેટ્રો રેલ નેટવર્ક પ્રોજેક્ટ સાથે સંકળાયેલી જે. કુમાર ઇન્ફ્રા પ્રોજેક્ટ્સમાં વિદેશી બ્રોકરેજ હાઉસ સીએલએસએ તરફથી ૭૨૦ની અગ્રેસિવ ટાર્ગેટ પ્રાઇસ સાથે બુલિશ વ્યુ જારી થતાં શૅર ગઈ કાલે ૪ ગણાથી વધુના કામકાજે ૨૦ ટકાની ઉપલી સર્કિટમાં ૫૯૩ના બેસ્ટ લેવલે જઈ ત્યાં જ બંધ રહ્યો છે. સરકારી ભારત ઇલેક્ટ્રૉનિક્સને નવા ઑર્ડર મળવાનો સિલસિલો જારી છે. છેલ્લે ઉત્તર પ્રદેશ રાજ્ય સરકાર મારફત ૪૪૫ કરોડનો કૉન્ટ્રૅક્ટ મળ્યો છે. શૅર ૧૮૪ ઉપર નવી વિક્રમી સપાટી બતાવી ૪.૪ ટકાની આગેકૂચમાં ૧૮૨ થયો છે. વૉલ્યુમ ત્રણ ગણું હતું. એશિયન ગ્રેનિટો દ્વારા પૂર્ણ માલિકીની સબસિડિયરી મારફત સેનિટરીવૅર પ્રોડક્ટ્સનું વેપારી ધોરણે ઉત્પાદન શરૂ થયાની જાહેરાતે શૅર પાંચ ગણા વૉલ્યુમે ઉપરમાં ૭૯ નજીક જઈ ૯.૮ ટકા ઊછળી ૭૮ બંધ થયો છે. મુંબઈના થાણે ખાતેની નેટવર્ક પિપલ સર્વિસિસ ટેક્નૉલૉજીઝ પરિણામ અને મેઇડન બોનસ માટેની બોર્ડ મીટિંગ પૂર્વે પાંચ ટકાની ઉપલી સર્કિટમાં ૨૩૧૬ની વિક્રમી સપાટીએ ગઈ છે. કંપની જુલાઈ ૨૦૨૧ની આખરમાં ૧૦ના શૅરદીઠ ૮૦ની અપરબૅન્ડ સાથે ૧૩૭૦ લાખ રૂપિયાનો એનએસઈ એસએમઈ આઇપીઓ લાવી હતી. ૨૦૨૧ની ૧૦ ઑગસ્ટે લિસ્ટિંગમાં ભાવ ઉપરમાં ૮૪ થઈ છેલ્લે ૮૦ નીચે બંધ હતો. ત્યાર બાદ શૅર નીચામાં એક તબક્કે ૪૯ના ઑલટાઇમ તળિયે ગયો હતો ત્યાંથી ક્રમશઃ સુધરતો રહી વર્ષ પૂર્વે ૯૮ થયો હતો અને એ પછી મારફાડ તેજી કામે લાગી છે, જે ઑપરેટર્સની સામેલગીરી વિના શક્ય નથી. અન્યથા શૅરનો ભાવ એક વર્ષમાં ૧૯૫૦ ટકા વધી જાય એવું તો કંપનીમાં કાંઈ જ નથી. માઝગાવ ડોક સવાત્રણ ગણા કામકાજે ઉપરમાં ૨૩૩૨ વટાવી આઠ ટકા કે ૧૭૦ રૂપિયાના જમ્પમાં ૨૨૯૦ હતો. કોચીન શિપયાર્ડ સાડાત્રણ ગણા વૉલ્યુમે ૧૩૯૦ની નવી ટૉપ હાંસલ કરીને ૫.૪ ટકાની મજબૂતીમાં ૧૩૭૨ તો ગાર્ડન રિચ બમણા વૉલ્યુમે ઉપરમાં ૮૮૫ નજીક જઈ ૬ ટકા ઊંચકાઈને ૮૬૯ વટાવી ગયો છે.

## મોતીસન્સમાં ૮૫ ટકાનો લિસ્ટિંગ ગેઇન, સૂરજ એસ્ટેટ અને મુથૂટ માઇક્રો લૉસમાં

જયપુરની મોતીસન્સ જ્વેલર્સ ૧૦ના શૅરદીઠ ૫૫ની ઇશ્યુ પ્રાઇસ અને ગ્રે માર્કેટના ૭૦ના પ્રીમિયમ સામે મંગળવારે ૧૦૪ ખૂલી ઉપરમાં ૧૧૦ નજીક જઈ ૫ ટકાની નીચલી સર્કિટમાં ૧૦૪ની અંદર જઈ ૧૦૨ બંધ રહેતાં અત્રે ૮૫ ટકા કે શૅરદીઠ ૪૭ રૂપિયાનો લિસ્ટિંગ ગેઇન મળ્યો છે. સૂરજ એસ્ટેટ ડેવલપર્સ ૫ના શૅરદીઠ ૩૬૦ની ઇશ્યુ પ્રાઇસ અને ગ્રે માર્કેટના ૧૫ના પ્રીમિયમની સામે ડિસ્કાઉન્ટમાં ૩૪૪ નીચે ખૂલી ઉપરમાં ૩૫૪ અને નીચામાં ૩૨૪ બતાવી ૩૩૪ બંધ થતાં અહીં ૭.૨ ટકાની લિસ્ટિંગ લૉસ ગઈ છે. મુથૂટ માઇક્રોફીન ૧૦ના શૅરદીઠ ૨૯૧ની ઇશ્યુ પ્રાઇસ તથા ગ્રે માર્કેટના ૨૭ના પ્રીમિયમ સામે ડિસ્કાઉન્ટમાં ૨૭૮ ખૂલીને ઉપરમાં ૨૮૧ નજીક તથા નીચામાં ૨૬૫ થઈ ૮.૬ ટકાની લિસ્ટિંગ લૉસમાં ૨૬૬ બંધ થયો છે.

બુધવારે કુલ પાંચ આઇપીઓના લિસ્ટિંગ થવાની શક્યતા છે, જેમાં શૅરદીઠ ૮૫૦ની ઇશ્યુ પ્રાઇસવાળી હેપ્પી ફોર્જિંગ્સમાં હાલ ૨૩૫નું, મુફતી જિન્સ ફેમ ક્રીડો બ્રૅન્ડ માર્કેટિંગમાં ૨૮૦ની ઇશ્યુ પ્રાઇસ સામે ૮૦નું તથા શાંતિ સ્પીનટેક્સમાં ૭૦ની ઇશ્યુ પ્રાઇસ સામે ૧૫નું ગ્રે માર્કેટમાં પ્રીમિયમ બોલાય છે. આરબીઝેડ જ્વેલર્સ તથા ઇલેક્ટ્રો ફોર્સ ઇન્ડિયામાં કોઈ સોદા નથી. શૅરદીઠ ૫૨૪ની ઇશ્યુ પ્રાઇસવાળો આઝાદ એન્જિનિયરિંગ ગુરુવારે લિસ્ટિંગમાં જશે. ગ્રે માર્કેટમાં ૩૦૫ વાળું પ્રીમિયમ ઘટી હાલમાં ૨૯૦ જેવું છે. દરમ્યાન નવી મુંબઈની ઇનોવા કેપટેબનો ૧૦ના શૅરદીઠ ૪૪૮ની અપર બૅન્ડ સાથે ૫૭૦ કરોડનો મેઇન બોર્ડનો ઇશ્યુ મંગળવારે આખરી દિવસે કુલ ૫૬.૩ ગણા રિસ્પૉન્સ સાથે પૂરો થયો છે. ગ્રે માર્કેટનું પ્રીમિયમ ઉપરમાં ૨૧૧ થયા પછી ઘસાતું રહી હાલમાં ૧૨૧ ઉપર આવી ગયું છે.